**જોખમી નદી-ધોધમાં પ્રવાસીઓ બેરોકટોક જીવ જોખમમાં મૂકી રહ્યા છે**

# નદીના પ્રવાહમાં જોખમી સ્નાન

**ડાંગ** જિલ્લામાં તંત્રનું જાહેરનામું ઝાંપા સુધી જ!

**સુરક્ષા** વ્યવસ્થાના અભાવે વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો.

**માત્ર** જાહેરનામાં અને બોર્ડ લગાવી દેવાથી જવાબદારી પૂર્ણ થતી નથી



ગિરીશ ભોયે

### નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી જરૂરી

સ્થાનિક નાગરિકોમાંથી ઉગ્ર માંગ ઉઠી છે કે પ્રતિબંધિત સ્થળો પર કડક અમલવારી થાય, નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવે અને પ્રવાસીઓની સુરક્ષા માટે કાયમી ધોરણે સુરક્ષાકર્મીઓની તૈનાતી કરવામાં આવે. જ્યાં સુધી આ બાબતે નક્કર વ્યવસ્થા ઊભી નહીં થાય, ત્યાં સુધી પ્રવાસીઓ પોતાના જીવ જોખમમાં મૂકતા રહેશે.

### માત્ર જાહેરનામાનો હવાલો આપીને જવાબદારીમાંથી છટકી શકાતું નથી

પ્રવાસન માટે જાણીતા ડાંગ જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે ભીડ રહે છે. આવા સમયે જોખમી સ્થળો પર બેરિકેડિંગ, સ્પષ્ટ ચેતવણી બોર્ડ, સુરક્ષા કર્મચારીઓની તૈનાતી અને સતત પેટ્રોલિંગ જેવી વ્યવસ્થાઓ ગોઠવવી તંત્રની પ્રાથમિક જવાબદારી બને છે. કોઈ દુર્ઘટના સર્જાય અને નિર્દોષ લોકોના જીવ જોખમાય ત્યારબાદ તંત્ર દોડતું થાય તેના બદલે અગાઉથી જ સાવચેતીના સઘન પગલાં લેવા અત્યંત જરૂરી છે. માત્ર જાહેરનામાનો હવાલો આપીને જવાબદારીમાંથી છટકી શકાતું નથી.

સાપુતારા : ચોમાસાની ઋતુમાં ડાંગ જિલ્લાના ધોધ, ચેકડેમો અને નદીઓ પ્રવાસીઓ માટે અત્યંત જોખમી બની જતી હોય છે. વહીવટી તંત્ર દ્વારા જોખમી સ્થળોએ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, પરંતુ આ પ્રતિબંધનો અસરકારક અમલ કરાવવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કે સતત દેખરેખનો મોટો અભાવ જોવા મળી રહ્યો છે. પરિણામે, તંત્રનું આ જાહેરનામું માત્ર કાગળ પર અને સ્થળ પર લગાવાયેલા ઝાંપા-બોર્ડ પૂરતું જ સીમિત રહી ગયું છે.

વઘઈ-સાપુતારા માર્ગ પર આવેલા રંભાસ ફાર્મ, સાકરપાતળ કુંડા ફાટક તેમજ ચીખલદા પુલ નજીક અંબિકા નદીના ધસમસતા પ્રવાહમાં પ્રવાસીઓ જીવનું જોખમ ખેડીને સ્નાન કરતા હોવાના દશ્યો સામે આવી રહ્યા છે. ચોમાસા દરમિયાન નદીનો પ્રવાહ અચાનક વધી જવાની પૂરી સંભાવના રહે છે. નદીના પટમાં શેવાળના કારણે પથ્થરો અને સપાટી અત્યંત ચીકણી બની જવાથી પગ લપસી જવાની ગંભીર શક્યતા રહે છે. આવા સંજોગોમાં પ્રવાસીઓ માટે નદીમાં ઉતરવું જીવલેણ સાબિત થઈ શકે છે, તેમ છતાં કેટલાક પ્રવાસીઓ અવગણના કરીને પાણીમાં ઉતરી રહ્યા છે.

સૌથી ગંભીર પ્રશ્ન એ છે કે જ્યારે તંત્રને જોખમી સ્થળોની પૂરી જાણ છે અને પ્રતિબંધનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે, ત્યારે સ્થળ પર જવાબદાર અધિકારીઓ, પોલીસ, હોમગાર્ડ કે સુરક્ષા કર્મચારીઓની સતત હાજરી કેમ જોવા મળતી નથી? માત્ર ચેતવણીના બોર્ડ લગાવી દેવાથી પ્રવાસીઓની સુરક્ષા ક્યારેય સુનિશ્ચિત થઈ શકતી નથી.

**વડાપ્રધાને વડોદરાથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરવી શરૂઆત**

# ન્યુ ઉમરગામ સ્ટેશનથી ફ્રેઇટ કોરિડોર માલગાડીનો શુભારંભ

**રૂપિયા** ૨૦,૭૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૨૬ કિમી સેક્શનનો શુભારંભ



ઉમેશ સોલંકી

### માલવહન વધુ ઝડપી અને સુગમ બનશે

દેશના મુખ્ય બંદરો અને ઔદ્યોગિક વિસ્તારો વચ્ચે સીધી રેલ કનેક્ટિવિટી વધશે. ઘટાડેલા લોજિસ્ટિક ખર્ચ અને પરિવહન સમય-આયાત-નિકાસ અને લોજિસ્ટિક ખર્ચ ઘટશે. મુખ્ય યાત્રી રેલ નેટવર્ક પર ભીડભાડ ઘટવાથી, પેસેન્જર ટ્રેનોને મળશે નવી ગતિ, સુગમ અને ઝડપી વેપારિક આવાગમનથી પ્રાદેશિક અર્થવ્યવસ્થા અને રોજગારીને બળ મળશે.

### પ્રોજેક્ટ ડીટેઇલ્સ

મુંબઇના જેએનપીટીથી ઉત્તરપ્રદેશના દાદરી સુધીના ૧૫૦૬ કિમી. નો ફ્રેઇટ કોરિડોર અંતર્ગત ૧૫૦૬ કિમી.પૈકી ૧૩૯૭ કિમી. નું કામ પૂર્ણ થયુ છે અને બાકીનું કામ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પશ્ચિમ ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના આ નવા સેક્શનથી વલસાડ વાપી અને ઉમરગામ સરીગામ તેમજ આસપાસ અને જિલ્લાના ઔદ્યોગિક એકમોને ફાયદો થશે.

ઉમરગામ : વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વડોદરાથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રૂપિયા ૩૫ હજાર કરોડના વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાનના હસ્તે રૂપિયા ૨૦,૭૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ન્યુ સાણંદ (નોર્થ) થી ન્યુ મકરપુરા અને ન્યુ ઉમરગામથી ન્યુ સફાલે તેમજ ન્યુ સફાલેથી ન્યુ જેએનપીટીના ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૨૬ કિમીના સેક્શન પર માલગાડીને લીલી ઝંડી બતાવીને તેનો શુભારંભ કરાયો હતો.

ન્યુ ઉમરગામ સ્ટેશન ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણલાલ પાટકર, જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ તેમજ મામલતદાર, રેલવે અને ડીએફસીસીએલના અધિકારીઓ અને મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, વડાપ્રધાને વાયબ્રન્ટ ગુજરાતથી શરૂ કરી દેશના દરેક ક્ષેત્રમાં વિકાસની નવી કેડી કંડારી છે. માલગાડી માટે અલગ ટ્રેક તૈયાર થવાથી હવે પેસેન્જર ટ્રેનો પણ સમયસર પોતાના ગંતવ્ય સ્થાને પહોંચશે. આ પ્રસંગે ડીએફસીસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પી.સી. પાંડેએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને ડીઆરએમ પંકજ સિંઘે પ્રોજેક્ટની રૂપરેખા આપી હતી.

# નવસારીમાં ઊંચા વળતરની લાલચ આપી ૫૪.૨૦ લાખની છેતરપિંડી

**'LFS Broking'** અને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણના નામે વિશ્વાસઘાત કરનાર બે શખ્સ સામે ગુનો દાખલ

**અગાઉ** પણ ૪૨.૮૫ લાખની ઠગાઈની નોંધાઈ ચૂકી છે ફરિયાદ

નવસારી : નવસારી ટાઉન પોલીસે ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવ્યા બાદ રકમ પરત નહીં આપનાર બે વ્યક્તિઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. વર્ષ ૨૦૨૦માં વલસાડના રોનવેલ ગામની સેજલબેન નાયકા નવસારીની પોતાની શાળાની મિત્ર સોનલબેન ભક્તાની ઓફિસે ગયા હતા. જ્યાં સોનલબેને 'LFS Broking' અને 'LPS Associates' કંપની દ્વારા બજાર કરતાં વધુ વળતરની લાલચ આપી સેજલબેન, તેમના પરિવાર તથા પરિચિતો પાસે તબક્કાવાર કુલ રૂ. ૨૫.૫૦ લાખનું રોકાણ કરાવ્યું હતું.

શરૂઆતમાં માસિક બે ટકા વળતર મળ્યા બાદ જુલાઈ ૨૦૨૩થી વળતર મળવાનું બંધ થઈ ગયું હતું. આ ઉપરાંત, સોનલબેનના રાંચીના ભાગીદાર વિક્રમસિંહ મારફતે ક્રિપ્ટોકરન્સીના નામે નિશાબેન સોલંકી તથા અન્ય પરિચિતો પાસેથી વધુ રૂ. ૨૮.૭૦ લાખ પડાવવામાં આવ્યા હતા. આમ, કુલ રૂ. ૫૪.૨૦ લાખનું રોકાણ થયા બાદ રકમ પરત માંગતા આરોપીઓએ ઇનકાર કરી દીધો હતો અને પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી હતી.

આ મામલે નવસારી ટાઉન પોલીસે IPC કલમ ૪૨૦ તથા ૧૧૪ હેઠળ ગુનો નોંધી PSI મમતાબેન ગામતીને તપાસ સોંપી છે. પોલીસના જણાવ્યા મુજબ આ જ આરોપીઓ સામે અગાઉ રૂ. ૪૨.૮૫ લાખની છેતરપિંડી અંગે પણ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. સમગ્ર મામલે અન્ય રોકાણકારો પણ ભોગ બન્યા છે કે કેમ તે તપાસનો મહત્વનો મુદ્દો બની શકે છે. પોલીસ ઇન્સ્પેક્ટર કે.ડી. નકુમે સંભવિત અન્ય ભોગ બનનારાઓને નિર્ભય બની પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે.

# પૂરગ્રસ્ત પરિવારોને બાકી સહાય ચૂકવવા રજૂઆત

**બેંક**-આધારની ટેક્નિકલ ખામીઓ દૂર કરી ઝડપથી ચુકવણીની માંગ

નવસારી: નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩માં આવેલા રેલ રાહત કોલોની અને રામજી ખત્રી વિસ્તારમાં ભારે પૂરના કારણે અનેક પરિવારોને ઘરવખરી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનું મોટું નુકસાન વેઠવું પડ્યું હતું. પરંતુ કેટલાક પરિવારોને સહાયની ચુકવણી હજુ સુધી મળી નથી.

ઘટના બાદ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી લાભાર્થીઓની યાદી તૈયાર કરાઈ હતી. આ અંગે સ્થાનિક કોર્પોરેટર તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટીના ચેરમેન વિજયભાઈ એમ. રાઠોડ અને મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સમિતિના ભાવિનકુમાર નાયકે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. તેમાં અગાઉ તૈયાર થયેલી સર્વે યાદીની ચકાસણી કરી જરૂર જણાય ત્યાં પુનઃસ્થળ તપાસ કરવાની માંગ કરાઈ છે.

રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે કે કેટલાક લાભાર્થીઓની સહાય બેંક ખાતાની વિગતો, આઈએફએસસી કોડ અથવા ટેકનિકલ ખામીઓને કારણે અટકી હોઈ શકે છે. આવી ખામીઓ ધરાવતા લાભાર્થીઓને માર્ગદર્શન આપી વિગતો સુધારવામાં આવે અને પરિવારોના ખાતામાં સહાયની રકમ સીધી જમા કરાવવામાં આવે. કુદરતી આપત્તિમાં ઘરવખરી ગુમાવનાર પરિવારોને ફરી બેઠા થવા આર્થિક સહાય અત્યંત જરૂરી હોવાથી, પ્રક્રિયામાં વધુ વિલંબ ન થાય અને પરિવાર સહાયથી વંચિત ન રહે તે માટે તંત્ર દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**ઘેજ સહકારી મંડળીનો વિવાદ વકર્યો**

# ગણદેવી સંઘનું રૂ.૫.૮૦ લાખનું પેમેન્ટ બાકી, ચેક બાઉન્સનો કેસ

**ગુજકોમાસોલ** બાદ હવે ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘના રૂપિયા પણ અટવાયા

**યુરિયા** ખાતરના બોગસ બિલો બનાવી ઔદ્યોગિક એકમોમાં વેચ્યાની આશંકા

### કોઈપણ નિર્દોષ ખેડૂત ન દંડાય તે માટે નિષ્પક્ષ તપાસની માંગ

૨૦૧૭થી ખેડૂતો અને સંઘના નાણાં બાકી હોવા છતાં મંડળીના વહીવટકર્તાઓ દ્વારા અત્યાર સુધી રિકવરી માટે શું કાર્યવાહી કરાઈ તે પણ જાહેર થવું જોઈએ. ઓગસ્ટ ૨૦૨૩માં ખેરગામ ઉંચાબેડાની વાડીમાંથી પકડાયેલો યુરિયા ખાતરનો જથ્થો ક્યાંથી આવ્યો હતો તેનું રહસ્ય પણ અકબંધ છે. કોઈપણ નિર્દોષ ખેડૂત આ મામલે ન દંડાય અને સાચું સત્ય બહાર આવે તે માટે ગ્રામજનો દ્વારા નિષ્પક્ષ અને સઘન તપાસની માંગ કરવામાં આવી રહી છે.

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામની સહકારી મંડળીનો વિવાદ દિવસેને દિવસે વધુ ગંભીર બની રહ્યો છે. ગુજકોમાસોલ બાદ હવે ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘનું પણ ૨૦૧૭ના વર્ષથી ખાતરની ખરીદી પેટેનું વ્યાજ સહિત ૫.૮૦ લાખ રૂપિયાનું પેમેન્ટ ન ચૂકવાયાની ચોંકાવનારી હકીકત બહાર આવી છે. સંઘનું પેમેન્ટ અટવાતા અને ચેક બાઉન્સ થતા સંઘના મેનેજર દ્વારા ઘેજ મંડળીના ચેરમેન ભરત ઝીણાભાઈ પટેલ તથા મંત્રી ડી.સી. પટેલ સામે ગણદેવી કોર્ટમાં કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જે કેસ હાલ પણ ચાલી રહ્યો છે.

અગાઉ ઘેજ મંડળી દ્વારા ગુજકોમાસોલને આપવામાં આવેલો ૧.૦૪ કરોડ રૂપિયાનો ચેક પણ બાઉન્સ થયો હતો. આ ઉપરાંત, ઓગસ્ટ ૨૦૨૩માં બીલીમોરા પોલીસ દ્વારા આંતલિયાથી ખેરગામ ઉંચાબેડા થઈ ફેક્ટરીમાં જતો યુરિયા ખાતરનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો, જેમાં ચેરમેનના ડિરેક્ટર પુત્રની સંડોવણી બહાર આવતા ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઈને વહીવટ જિલ્લા રજિસ્ટ્રારને સોંપવાની માંગ કરી હતી.

ગામના આગેવાનો દ્વારા ગણદેવી સંઘની રૂબરૂ મુલાકાત લઈને આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મંડળી દ્વારા યુરિયા ખાતરના બોગસ બિલો બનાવીને તે ઔદ્યોગિક એકમોમાં વેચી દેવામાં આવ્યા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ આ માલે તપાસ ચાલી રહી છે, પરંતુ ગ્રામજનોની માંગ છે કે છેલ્લા ત્રણ વર્ષના તમામ ખેડૂતોના નિવેદનો લેવાવા જોઈએ. સાથે જ, જે ખેડૂતોના નામે બિલો ફાટ્યા છે તેઓ ખરેખર ખાતેદાર છે કે કેમ, તેમની પાસે કેટલી જમીન છે અને તેઓ વાસ્તવમાં જથ્થો લઈ ગયા છે કે કેમ તેની ઝીણવટભરી તપાસ થવી અનિવાર્ય છે.

# ધરમપુરમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓ પર હુમલો કરનાર પાંચ ઝડપાયા

**ધરમપુર** પોલીસ અને એલસીબીની ટીમે તમામ ૧૭ આરોપીઓને ઝડપી પાડી જેલમાં ધકેલાયા

ધરમપુર : ધરમપુરની વનરાજ કોલેજ લાલડુંગરી સ્થિત આદિજાતિ વિકાસ મંડળ સંચાલિત હોસ્ટેલમાં માટલી ફોડવાની નજીવી બાબતે એબીવીપીના યુવાનો અને વિદ્યાર્થીઓ વચ્ચે તકરાર થઈ હતી. ઉશ્કેરાયેલા એબીવીપીના ૧૭ જેટલા યુવાનો લાકડાના ડંડા, હોકી અને લોખંડના સળિયા સાથે હોસ્ટેલ પર પહોંચીને પાંચ વિદ્યાર્થીઓને ઢોર માર માર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવાનોને તાત્કાલિક ધરમપુર સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા પીઆઈ નિખિલ ભોયા અને પીએસઆઈ વસાવા પોલીસ કાફલા સાથે દોડી આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓ રાહુલ પટેલ, ફહીમ બાહનાન અને ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં આગેવાનોએ પોલીસ મથકે રજૂઆત કરી ત્રણ દિવસમાં તમામ આરોપીઓને ઝડપી પાડવાની ચીમકી ઉચ્ચારી હતી. વહીવટી તંત્ર હરકતમાં આવતા ધરમપુરના પીઆઈ નિખિલ ભોયા એલસીબી પીઆઈ તથા પોલીસે ભાગી છૂટેલા વોન્ટેડ આરોપીઓ મનન પટેલ, જયદીપ પવાર, પ્રેમ માહલા, રોહન પટેલ અને હર્ષ ઠક્કર સહિત પાંચેય યુવાનોને ઝડપી લીધા હતા. આ અગાઉ ૧૨ આરોપીઓની ધરપકડ કરાઈ ચૂકી હતી, જેથી તમામ ૧૭ આરોપીઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ જતા લોકોએ પોલીસની આ કામગીરીને બિરદાવી હતી.

**મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે જતા હોય ત્યારે પારદર્શક વ્યવસ્થા અને તપાસની માંગ ઉઠી**

# GJ ગાડી જોઈને તોડ કરી લેતી મહારાષ્ટ્રની પોલીસ

**સપ્તશૃંગી** દર્શને ગયેલા ગુજરાતના પ્રવાસીઓ પાસેથી બિનરસીદી વસૂલાતના આક્ષેપ

**વાંસદાથી** સપ્તશૃંગી ગઢ જતા પ્રવાસીઓ સાથે મહારાષ્ટ્રના નાંદુરી પાસે સિવિલ ડ્રેસમાં ઉભેલી પોલીસે રૂપિયા ૧૦૦ પડાવ્યાનો આક્ષેપ



નિલેશ કાપડિયા

વાંસદા : મહારાષ્ટ્રના સપ્તશૃંગી ગઢ ખાતે માતાજીના દર્શનાર્થે જતા ગુજરાતના પ્રવાસીઓને નાંદુરી પ્રવેશદ્વાર પાસે સિવિલ ડ્રેસમાં ઉભેલા કેટલાક વ્યક્તિઓ દ્વારા પોતાને મહારાષ્ટ્ર પોલીસ હોવાનું જણાવી બિનરસીદી રીતે રૂપિયા વસૂલવામાં આવતા હોવાના આક્ષેપ સાથે પ્રવાસીઓમાં નારાજગી ફેલાઈ છે.

નવસારી ખાતે રહેતો એક પરિવાર વાંસદા ખાતે પોતાના સંબંધીને ત્યાંથી મહારાષ્ટ્રના સપ્તશૃંગી ગઢ ખાતે માતાજીના દર્શનાર્થે ગયો હતો. પરિવારના જણાવ્યા મુજબ, ગઢ તરફ જતા નાંદુરી પ્રવેશદ્વાર પાસે સિવિલ ડ્રેસમાં ઉભેલા કેટલાક વ્યક્તિઓએ તેમની ગુજરાત પાર્સિંગની કારને રોકી પોતે મહારાષ્ટ્ર પોલીસ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમની પાસેથી કોઈ રસીદ કે પાવતી આપ્યા વિના રૂપિયા 100 લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ પ્રવાસીઓએ કર્યો છે. પ્રવાસીએ રસીદની માંગણી કરતા ત્યાં ઉભેલા વ્યક્તિએ 'ઓનલાઈન થઈ ગયું છે' તેમ કહી કોઈ રસીદ આપી ન હોવાનું પણ જણાવાયું છે. સમગ્ર ઘટનાને લઈને પ્રવાસીઓએ મહારાષ્ટ્રના સંબંધિત તંત્રની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી છે. જો કોઈ અધિકૃત પ્રવેશ ફી અથવા અન્ય સરકારી ચાર્જ વસૂલવામાં આવતો હોય તો તેની સ્પષ્ટ માહિતી સાથે યોગ્ય રસીદ આપવી જરૂરી છે.

### સંબંધિત તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ

હાલ શ્રાવણ માસ શરૂ થતાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો અને પ્રવાસીઓ મહારાષ્ટ્રના વિવિધ ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે જઈ રહ્યા છે. ત્યારે યાત્રાળુઓ પાસેથી સત્તાવાર ફી વસૂલવામાં આવતી હોય તો તેની સ્પષ્ટ માહિતી અને રસીદની વ્યવસ્થા કરવામાં આવે તેમજ બિનજરૂરી કે બિનરસીદી વસૂલાત અંગે સંબંધિત તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. પ્રવાસીઓએ વધુમાં જણાવ્યું હતું કે ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓને આવી પરિસ્થિતિનો સામનો ન કરવો પડે તે માટે ગુજરાત સરકાર દ્વારા પણ સંબંધિત મહારાષ્ટ્ર તંત્ર સમક્ષ યોગ્ય રજૂઆત કરવામાં આવે તેવી જરૂર છે.

## નાનાપોંઢા તાલુકાના માંડવામાં વન મહોત્સવ ઉજવાયો

વલસાડ : 77મા તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી નાનાપોંઢા તાલુકાના માંડવામાં કરવામાં આવી હતી. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વૃક્ષો આપણા જીવનનો આધાર હોવાનું જણાવી વૃક્ષરોપાણ કર્યું હતું. આ જાહેર અને સરકારી કાર્યક્રમમાં પત્રકારોને કોઈ જ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીમાં ચોવીસ કલાકની ભજન સપ્તાહ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પંથકમાં પવિત્ર શ્રાવણ માસના છેલ્લા અઠવાડીયામાં ગામે ગામ ચોવીસ કલાકની ભજન સપ્તાહનો માહોલ જામ્યો છે. ઘેજ ગામના ભરડા ભગત ફળિયામાં યોગેશભાઇ ડાહ્યાભાઈના નિવાસ સ્થાને આગેવાનો દ્વારા ભજન સપ્તાહનું આયોજન કરાતા ભજનોની રમઝટ બોલાવી હતી. જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો. અમિતાબેન પટેલ, ભાજપ પૂર્વ મહામંત્રી ડો અશ્વિનભાઈ, સરપંચ રાકેશભાઈ સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.


**જાહેર નોટીસ**

મોજે : બોરસી તા.જલાલપોર, જી.નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર - **૨૦૪** જુના બ્લોક /સર્વે નં. **(જુનો) ૮૧ (નવો) ૮૮ જેનું ક્ષેત્રફળ ૦-૯૫-૯૫** આકાર રૂા. ૨.૧૦ પૈસા પૈકી વરાડે પડતો વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **મહેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ** વિગેરેના એ તેઓની સંયુક્ત માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ સદરહું જગ્યા ખરીદી કરવાના હોય.સદર ખેતીની જમીનના હમારી પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ - પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ -પ્રસિધ્ધિ થયેથી દિન - ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો નિયત સમયમાં કોઈપણ - પ્રકારની રજુઆતો કરવામાં નહિં આવશે તો મુદત વિતે હમો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઇટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

**આશિષકુમાર એ. પટેલ - એડવોકેટ**

એરૂ ગામ,મોટાફળીયા,ટેકરી વિભાગ તા.જલાલપોર જી.નવસારી મોબા. નં. ૯૯૨૫૧ ૭૮૩૯૨



**HDFC BANK** We understand your world

રજીસ્ટર્ડ એફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને

જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ, કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના**

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન/સુવિધા ખાતા અપરાધની સ્થિતિમાં છે અથવા તો એનપી એ (નોન પર્ફોમિંગ એસેટ) તરીકે વર્ગીકૃત કરવામાં અવ્યા છે બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો/ રી કોલ નોટીસ જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૧૬ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિક્યોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિક્યોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારો ના નામ | ૦૬ ઠી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXXXXXXXX0362 | વિસાલક્ષ્મી એલ. જોલીંગ | ૨૦,૦૪,૪૬૨.૦૦ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૨ | XXXXXXXXXX2390 | રામકુમાર ડાગા | ૨,૭૪૦.૦૩ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૩ | XXXXXXXXXX0180 | રાજીવ ગૌતમ | ૪,૧૫,૨૬૦.૭૧ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૪ | XXXXXXXXXX9632 | તિરૂપતી જયેશ વસી | ૭,૨૯,૮૪૭.૨૦ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૫ | XXXXXXXXXX2981 | ભરતભાઈ લાલાભાઈ પટેલ | ૯,૯૩,૮૫૧.૮૨ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૬ | XXXXXXXXXX8253 | વૈશાલી જીગ્નેશકુમાર પ્રજાપતી | ૪,૧૨,૩૦૫.૮૨ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૭ | XXXXXXXXXX6033 | નીશા દિલીપ સોલંકી | ૨,૩૭,૨૩૭.૮૨ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૮ | XXXXXXXXXX7801 | રોહિત શૈલેન્દ્ર કુમાર | ૨૮,૬૫૩.૦૦ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૯ | XXXXXXXXXX5942 | રાજુભાઈ ઠાકોરભાઈ ટંડેલ | ૯,૪૨,૭૬૭.૩૮ | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૧૦ | XXXXXXXXXX7371 | કલ્પના પરસોત્તમ | ૩,૫૦,૪૨૪.૮૨ | ૦૭-૦૯-૨૦૨૬ |

તારીખ : ૦૯.૦૯.૨૦૨૬ સહી/-

સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એચડીએફસી બેંક લિ.